# ૨૦૧૭ ચૂંટણીને પગલે હવે પાટનગરમાં સભા-સરઘસના ઘર્ષણો વધી જશે

## સત્યાગ્રહ છાવણી મેદાન ભરાયેલું રહેશે : ઘર્ષણ અટકે અને પ્રતિબંધીત વિસ્તારમાં રેલી ન ઘૂસે તે માટે વધુ ૨૫૦ બેરીકેટસ ખરીદવામાં આવશે

ગાંધીનગર, તા.૪

વર્ષ ૨૦૧૭માં ચુંટણી આવે છે તેને ધ્યાને રાખીને હાલમાં વિરોધ પ્રદર્શન કામગીરી તેજ બની રહી છે. સરકારને ઉઠલાવવા વિપક્ષ પણ તૈયારી કરી રહી છે ત્યારે હાલ કાયમી નોકરી, પગાર વધારો, અનામત, દલિત અત્યાચાર સહિતના મુદ્દાઓ ચુંટણીના મત વિભાજન માટે કેન્દ્ર સ્થાને છે. હવે ૨૦૧૭ ચુંટણી સુધી દર બે ચાર દિવસે કોઈને કોઈ આંદોલન કે સભા રેલી થશે તેવી શકયતા વર્તાઈ રહી છે.

આ પ્રકારના ઈનપુટથી ગાંધીનગર પોલીસની હાલત ૨૦૧૭ ચુંટણી સુધી દયનીય હશે તે વાતમાં બે મત નથી. વિરોધ પ્રદર્શન, સભા, રેલીનો દોર પાટનગરમાં શરૂ થતા ગાંધીનગર પોલીસ સીધી કે આડકતરી રીતે નિશાન બનશે. ઘર્ષણથી બચવા અને રેલીઓને પ્રતિબંધીત વિસ્તારમાં ઘૂસતા અટકાવવા માટે હાલ પોલીસ પાસે ૫૫૦ જેટલા બેરીકેટસ છે પરંતુ કોંગ્રેસ દ્વારા તાજેતરમાં વિધાનસભા ઘેરાવોનો કાર્યક્રમ સફળ થઈ જતા હવે આ બેરીકેટસની સંખ્યા વધારવા દરખાસ્ત કરાઈ છે. હજુ ૨૫૦ જેટલી લોખંડની બેરીકેટસ ખરીદવામાં આવશે તેમ સુત્ર પાસેથી જાણવા મળ્યું છે તે ઉપરાંત આ બેરીકેટસને લાવવા લઈ જવા માટે એક મીની ટ્રક પણ તૈયાર કરાવવામાં આવે તેવી પણ ચર્ચા થઈ રહી છે.



## સૌરાષ્ટ્ર કચ્છ સમાજના બાળકોની ચિત્ર સ્પર્ધા

ગાંધીનગરના સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા રવિવારે સંસ્થાના સભ્ય પરિવારોના સંતાનો માટે બાલ મિત્ર સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. આ સ્પર્ધાના અંતે વિજેતાઓ ઉપરાંત તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સે. ૨ ઉમાં કડી શૈક્ષણિક સંકુલ ખાતે ખીમજી વિશરામ હોલમાં યોજાયો હતો.

## શ્રાવણ માસના અંતિમ દિવસે મહાદેવની પૂજા અર્ચના સાથે શાળાઓના બાળકોને ભોજન કરાવ્યું



ચિલોડા, તા. ૪

ચિલોડાના શિવાલય તથા મહાદેવ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસના વિદાય દિવસ-અમાસે દૂધ-પાણીના અભિષેક બિલીપત્ર અર્પણ તથા પૂજા-અર્ચના કરી શિવભક્તો શિવમય બન્યા હતા. આ દિવસે લઘુરૂદ્ર, મહારૂદ્રાભિષેક, યાત્રાપ્રવાસ કરીને દાન-પુણ્યનું ભાથુ બંધાયું હતુ. જેમાં ગામના જશુભાઈ પટેલ તથા રમેશભાઈ સિંધી દ્વારા પવિત્ર માસમાં દર વર્ષની જેમ તિથી ભોજનરૂપે બાલમંદિર, આંગણવાડી, પ્રાથમિક શાળા, ગુરૂકુલ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળાના તમામ બાળકોને ભોજન આપી ઉજવણી કરાઈ હતી. આ ઉપરાંત મગોડી હાઈસ્કૂલમાં પણ યુવામંડળે તિથિભોજનનું ઉમદા કાર્ય કર્યું હતું.

## સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યા મંદિર ખાતે શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૪

સેકટર-૭ ખાતે કાર્યરત સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યા મંદિરમાં સ્વયંશિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ૫૪ જેટલા વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષક તરીકેની ભૂમિકા અદા કરી હતી અને શિક્ષણકાર્ય સંભાળ્યું હતું. આચાર્ય તરીકે હિરલબેન પરમાર, સુપરવાઈઝર તરીકે સેજલબેન શ્રીમાળી અને કો. ઓર્ડીનેટર તરીકે વિશાલ પ્રજાપતિએ ફરજ બજાવી હતી. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક ટીમ વર્કમાં કાર્ય કરતા શાળાના આચાર્યા વનીતાબેન બુટાણીએ શાળા પરિવાર વતી તમામને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

## હિંમતનગર ખાતે બિલ્વપત્ર સમારોહ યોજાશે

હિંમતનગર, તા. ૪

દેશમાં ૫ સપ્ટેમ્બરને સોમવારે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિન નિમિત્તેશિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લા શિક્ષણ પરિવાર દ્વારા બિલ્વપત્ર સમારોહનું આયોજન કર્યુ છે. હિંમતનગરના ટાઉનહોલ ખાતે ૫ સપ્ટેમ્બર ૨૦૧૬ સોમવારે સાંજે ૪.૦૦ કલાકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને જિલ્લા પ્રભારી અને વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકો, પ્રવૃત્તિ શિક્ષકોની સેવાલાભ અને નિવૃત્ત શિક્ષકોની સન્માન સમારોહ યોજાશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત, સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય સર્વ રાજેન્દ્રસિંહ ચાવડા, અશ્વિન કોટવાલ મહેન્દ્રસિંહ બારૈયા ઉપસ્થિત રહેશે.



ભારતીય જીવન વીમા નિગમ સેક્ટર-૧૬ શાખાને ૬૦ વર્ષ પુર્ણ થતા જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મેયર પ્રવિણભાઈ પટેલના હસ્તે કેક કાપવામાં આવી હતી. આ દરમિયાન ૨૮ વર્ષથી એલઆઈસી સાથે જોડાયેલા કમલેશભાઈ ઉપાધ્યાયનું પોલીસીક્ષેત્રે ઉમદા કામગીરી બદલ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અંતે મેયર અને ડેપ્યુટી મેયરે એલઆઈસીના તમામ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



## ૧૦૮ની ટીમે સેફટી વીક અંતર્ગત ૩૦ શાળાઓમાં ડેમો કર્યું

ગાંધીનગરની વિવિધ ૩૦ શાળાઓમાં ૧૦૮ ઈમર્જન્સી સેવાની ટીમો દ્વારા સેફટી વીકની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ સામે ડેમો કર્યા હતા. આ સપ્તાહમાં વિવિધ ૩૦ શાળાઓમાં ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને ૧૦૮ એમ્બ્યુલન્સની તમામ કીટનો કઈ ઘટનામાં કેવી રીતે વપરાશ થાય તે સંદર્ભનો ડેમો આપી ઈમર્જન્સી વિશે માહિતી પુરી પાડી હતી.

# સુરત ખાતે યોજાનાર અભિવાદન સમારોહનો પાસે વિરોધ શરૂ કર્યો : પાસમાં ભંગાણ

ગાંધીનગર, તા. ૪

સુરત ખાતે આગામી આઠમીના રોજ ભાજપ પ્રમુખ અમીત શાહ, વિજય રૂપાણી, નીતિન પટેલના સન્માન સમારોહ યોજાનાર છે તે પૂર્વે જ પાસમાં ભંગાણ પડ્યુ છે અને વિરોધનો સૂર શરૂ થવા પામ્યો છે.

આઠમી સપ્ટેમ્બરના રોજ સુરત ખાતે મહેશ સવાણીના નેતૃત્વમાં પાટીદાર અભિવાદન સમારોહ સમિતિ દ્વારા સી.એમ. સહીત ભાજપના નેતાઓ અને પાટીદાર ધારાસભ્યોનો સન્માન સમારોહનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમને લઈને પાસના આગેવાન હાર્દિક પટેલ અને જગદીશભાઈ, મહેશ સવાણીને એક સણસણતો પત્ર લખીને વિરોધ વ્યક્ત કર્યો છે. પાસ દ્વારા આ કાર્યક્રમ સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે અને જીએમડીસીના જનરલ ડાયર અને સી.એમ.નું સ્વાગત કરશો તો એવો વિરોધ થશે કે આજદિન સુધી જોયો નહી હોઈ. એટલું જ નહી આવા લખાણ લખેલા પોસ્ટરો પણ ફરતા થયા છે અને કેટલીક જગ્યાએ લગાડ્યા છે.

સુરત ખાતે આઠમીએ પાટીદાર દ્વારા સભ્યોના સમારોહ પૂર્વે જ આ કાર્યક્રમને લઈને પાસ અને પાટીદારોમાં બે ભાગ પડી જવા પામ્યા છે અને પાસ દ્વારા આ કાર્યક્રમનો અત્યારથી જ વિરોધ શરૂ થવા પામ્યો છે.

પાસના વિરોધને જોતા આઠમીએ સુરત ખાતે યોજાનારા અભિવાદન સમારોહ ખાતે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



## પાલનપુરમાં એલઆઈસીની ૬૦મી વર્ષગાંઠ ઉજવાઈ

ભારતીય જીવન વિમા નિગમ એટલે એલ.આઈ.સી.ને દેશમાં જનસેવા સાથે જનસુરક્ષાના ૬૦ વર્ષ પૂર્ણ થતાં બનાસકાંઠા જિલ્લામથક પાલનપુરની શાખા નં. ૨ માં અધિકારીગણ બ્રાંચ મેનેજર ચૌહાણ, કર્મચારીઓ ડેવલપમેન્ટ ઓફિસરો અને એઝન્ટોએ શુસોભન કરી ભવ્ય ઉજવણી કરી હતી. આ પ્રસંગે બનાસકાંઠાના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી હરિભાઈ ચૌધરીનું વિકાસ અધિ. કદમ લાટીવાલાએ પુષ્પગુચ્છ આપી વેલકમ કરી ભારતીય પ્રજાજનોને જીવનમાં વિમો એ અગત્યનું પરિબળ છે તેમ જણાવી એલ.આઈ.સી.ની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે બ.કાં. જિલ્લા વેપારી મંડળના પ્રમુખ શિવરામભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ત્રાસવાદ અંગે નિર્ણય

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક બીજા માટે મહત્વપૂર્ણ છે. દુનિયાભર માટે પણ બંનેની મિત્રતા ઉપયોગી સાબિત થઇ શકે છે.

ચીનના વિદેશ મંત્રાલયની પ્રતિક્રિયામાં જિંગપિંગને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, અમને એકબીજાની ચિંતાઓ ઉપર વિચાર કરીને એકબીજાનું સન્માન કરવું જોઇએ. વિવાદને ઉકેલવા માટે રચનાત્મક રસ્તા અપનાવવા જોઇએ. એમ પણ કહેવામાં આવે છે કે મોદીએ કિર્ગિસ્તાનના બિસ્કેટમાં ચીની દૂતાવાસ પર થયેલા ત્રાસવાદી હુમલાને લઇને ભારતની સંવેદનાઓ પ્રત્યે ચીનને વાકેફ કરવામાં આવ્યા હતા. ભારતે ત્રાસવાદની સામે સાથે મળીને લડવાનો અનુરોધ કર્યો હતો. રિપોર્ટ મુજબ પાકિસ્તાનનો ઈશારામાં ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, માત્ર ભારત જ નહીં બલ્કે ચીન, રશિયા અને અન્ય કેટલાક દેશો અમારા પડોશી દેશમાંથી ઉભા થઇ રહેલા ત્રાસવાદના ખતરાથી પરેશાન થયેલા છે. મોદી અને જિંગપિંગ વચ્ચેની વાતચીત અડધા કલાક સુધી ચાલી હતી. ત્રણ મહિનાથી પણ ઓછા સમય ગાળાની અંદર બંને નેતાઓ વચ્ચે આ બીજી મહત્વપૂર્ણ બેઠક છે. આ મુલાકાત હાંગચોના વેસ્ટલેટ સ્ટેટ ગેસ્ટહાઉસમાં જી-૨૦ શિખર બેઠક દરમિયાન થઇ હતી. બંને દેશો વચ્ચે મતભેદનો એક વિષય ચીન-પાકિસ્તાન આર્થિક સંબંધો પણ છે જે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાંથી પસાર થાય છે.

## શાંતિના પ્રયાસોમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળવાનો ઈન્કાર કર્યો હતો. યાદવે કહ્યું હતું કે, અમે આ બાબત દર્શાવવાના પ્રયાસ કરી રહ્યા હતા કે, અમે કોઈની પણ સાથે વાતચીત કરવા માટે તૈયાર છીએ. ત્યારબાદ આ ગ્રુપે હુમામા ખાતે બીએસએફ કેમ્પમાં અટકાયત હેઠળ રહેલા જેકેએલએફના વડા યાસીન મલિકને મળવા પહોંચ્યા હતા પરંતુ યાસીન મલિકે સાંસદોને કહ્યું હતું કે, તેઓ દિલ્હી આવશે ત્યારે વાતચીત કરશે. આ ગ્રુપે હુર્રિયતના પૂર્વ ચેરમેન અબ્દુલ ગની ભટ્ટને મળવાના પણ કર્યા હતા પરંતુ ભટ્ટે તેમની સાથે વાતચીત કરવાનો ઈન્કાર કર્યો હતો. ૫૮માં દિવસે પણ ખીણમાં જનજીવનને પ્રતિકુળ અસર થઇ હતી. જુલાઈ મહિનામાં હિઝબુલ મુઝાહીદ્દીનના આતંકવાદી બુરહાન વાનીને ઠાર મારી દેવામાં આવ્યા બાદથી હિંસાનો દોર ચાલી રહ્યો છે. સોપિયનના પેન્જોરા ગામમાં લોકોએ વિરોધ રેલી યોજી હતી જે દરમિયાન પોલીસે દેખાવકારોને રોકવાના પ્રયાસ કર્યા હતા. જેના લીધે હિંસક અથડામણની શરૂઆત થઇ હતી. દેખાવકારોએ નાના સચિવાલયની ઈમારતને આગ ચાંપી હતી. કાશ્મીર હિંસામાં હજુ સુધી ૭૨ લોકોના મોત થઇ ચુક્યા છે.

## ગણેશભક્તિથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાંચમી સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે સે-૬ સી ખાતે પ્લોટ નં ૧૦૭ : ૧ ખાતેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. જેના અંતે સે -૬ ભુવનેશ્વર મંદિર ખાતે ભગવાન ગણેશજીની સ્થાપના કરી પુજા અર્ચના કરાશે. યુવક મંડળના સંદિપ જોષીએ જણાંવ્યુ હતુ કે રાત્રિના ૮:૩૦ કલાકે આચાર્ય ઘનશ્યામજી મહારાજના હસ્તે મહોત્સવ ખુલ્લો મુકાશે. રાત્રિના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે જેમાં સાંઇરામ દવે ,જીતુભાઈ દ્વારકાવાળા,માયાભાઈ આહીર,રાજભા ગઢવી, નિલેશ મિસ્ત્રી સહીતના કલાકારો ભાવિકોને સાહીત્ય અને હાસ્યરસથી તરબોળ કરશે. આ ઉપરાંત નાટક અને સાંસ્કૃતિક નૃત્યોની વિવિધ કૃતિઓ પણ રજુ થશે. શહેરમાં છેલ્લા ૪૭ વર્ષથી ગણેશોત્સવની ઉજવણી કરતા સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા પણ સે-૨૨ આનંદવાટીકામાં ભાવિક રાવલના નિવાસ સ્થાન સે-૨૨નિવાસ સ્થાન પ્લોટ નં ૨૧૧-૨ ખાતેથી સવારે ૯ કલાકે ભગવાન ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે.સે -૨૨ રંગમંચ ખાતે શ્રીજીની મુર્તિની પુજાવિધિ કરી સ્થાપન કરવામાં આવશે. રંગમંચ ખાતે રાજયપાલ ઓ પી કોહલીના હસ્તે રાત્રિના ૯ કલાકે ગણેશોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવશે. રાત્રિના રોજ ૮:૩૦ કલાકે સાંસ્કૃતિક નૃત્યો, નાટક ,ફિલ્મી ગીતોની સ્પર્ધા તેમજ યોગ નૃત્ય નિદર્શનનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત સે- ૩ ડી યુવક મિત્ર મંડળ દ્વારા પણ ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં તા ૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૭ :૩૦ કલાકે સે-૩ ડી ખાતે પ્લોટનં ૯૭૬-૧ ખાતેથી ભગવાન ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે.સવારે અને રાત્રિના ૮ કલાકે ગણેશજીની આરતી યોજાશે. જયારે રાત્રિના સમયે ગરબા,સુંદરકાંડ,કસુંબલ ડાયરો,હાસ્ય દરબાર,અને સંગીતનો કાર્યક્રમ યોજાશે. સે-૧૬ બ્રહ્મભવન ખાતે પણ ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. સે-૫ સી માં રહેતા નરેશ દવે ના નિવાસ સ્થાન પ્લોટ નં ૧૬૮૯-૧ ખાતેથી સવારે ૮ કલાકે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. આ શોભાયાત્રા બ્રહ્મભવન પહોંચશે જયાં શ્રીજીની મુર્તિની પુજાવિધી કરી સ્થાપન કરાશે.સે-૨૧ મહારાષ્ટ્ર સમાજ દ્વારા પણ સતત ૨૮ માં વર્ષે ગણેશોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૪ બી માં રહેતા સમાજના સહમંત્રી કીરીટ કાંબેળના નિવાસસ્થાનેથી ગણેશજીની શોભાયાત્રા નિકળશે. ત્યારબાદ સે-૨૧ ખાતે સમાજના ભવન ખાતે શ્રીજીની મુર્તિની પુજા આરતી કરી સ્થાપના કરાશે. સે-૫ બી જય ગોગા યુવક મંડળ દ્વારા પણ ગણેશોત્સવની ઉજવણી અન્વયે સવારે ૮ કલાકે શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારબાદ ગણેશજીની પુજા વિધી બાદ રાત્રિના આનંદનો ગરબો,સત્યનારાયણ ભગવાનની કથા,સુંદરકાંડના પાઠ સહીતના કાર્યક્રમો યોજાશે. સે-૩ એ સિધ્ધિ વિનાયક મિત્ર મંડળ દ્વારા પણ ગણેશમહોત્સવની ઉજવણી અન્વયે સવારે ૮ કલાકે શોભાયાત્રા યોજાશે ત્યારબાદ ઘ-૧ વગડાવાળી માતાના મંદિરના ચોકમાં ગણેશજીની પુજા વિધિ અને સ્થાપના કરાશે. ગણેશોત્સવ અન્વયે રાસગરબા ,જાદુનો શો, નાટક સહીતના કાર્યક્રમો યાજાશે તેમ મિત્રમંડળના પ્રમુખ જે ટી જીતેષ ટેલરે જણાંવ્યુ છે. સે-૫ બી વિનાયક મિત્ર મંડળ દ્વારા પણ ગણેશોત્સવ નિમિત્તે ડાન્સ મિમીક્રી, રમત સ્પર્ધા આરતી સુશોભન અને ગરબા સહીતના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૮ મુખ્ય શોપિંગ સેન્ટરના મહારાષ્ટ્રીયન ભાઈઓ દ્વારા પણ ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. રાજયપાલશ્રીના હસ્તે ગણેશજીની પુજા અર્ચના કરવામાં આવશે. જેમાં મુસ્લિમ બિરાદરો પણ કોમી એખલાસના માહોલ વચ્ચે ઉજવણીમાં જોડાશે.સે-૭ બી યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પણ પણ ગણેશોત્સવ અંતર્ગત તા ૫ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧ : ૩૦ કલાકે ગણેશજીની ભવ્ય શોભાયાત્રા યોજાશે. સેકટરમાં પ્લોટનં ૭૮૭-૧ ખાતે રાત્રિના ૮ કલાકે આનંદનો ગરબો,અંધશાના બાળકો દ્વારા ભજન, ભુલકાઓની વેશભુષા, લાડુ તેમજ ખીચડીના પ્રસાદનુ વિતરણ, હોમાત્મક તેમજ આર્યુવેદિક ઔષધમાંથી બનેલા ઉકાળાનુ વિતરણ કરવાનુ સેવાકાર્ય પણ હાથ ધરાશે.

## ક્ષારોના પ્રમાણની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યું છે તેમજ નર્મદાની માઈનોર કેનાલનું નેટવર્ક પણ ઝડપથી તૈયાર કરી દેવાયું છે જેમાં ઘણી બધી કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૦ થી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન જિલ્લાના આ ગામોના સરપંચોની ગાંધીનગરમાં બેઠક યોજવામાં આવનાર છે. આ માટે સરપંચોને વિવિધ જાણકારી પણ આપવામાં આવશે અને તેઓ નર્મદાનું પાણી મેળવે તેવો આગ્રહ કરવામાં આવશે.

અગાઉ જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપે આ અંગે ભરપૂર પ્રયાસો કર્યા હતા અને ૩૦થી વધુ ગામો આ પાણી મેળવતા થયા હતા જે ઉલ્લેખનીય છે.

# તપ આરાધના

ગાંધીનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘમાં ચાર્તુમાસ માટે પધારેલ નરરત્ન મહારાજ સાહેબશ્રીની નિશ્રામાં શહેરના ચાલીસથી વધુ જૈન શ્રાવક-શ્રાવિકાઓએ અઠ્ઠાઈ તપની આરાધના કરી છે..



કિંજલબેન પુજારા
માસ ક્ષમણ તપ



વિધિ મરચન્ટ
સિદ્ધિ તપ



સૌરીન શાહ
અગિયાર ઉપવાસ



માનેશ્વરી શૈલેષ
ખીર સમુદ્ર



સ્મિત શાહ
ખીર સમુદ્ર



દર્શન શાહ
અઠ્ઠાઈ તપ



કનુભાઈ ભાવસાર
અઠ્ઠાઈ તપ



દિલીપકુમાર ભાવસાર
અઠ્ઠાઈ તપ



ભાનુબેન ઝામેરભાઈ
અઠ્ઠાઈ તપ



નેન્સી પટણી
અઠ્ઠાઈ તપ



કૈરવ શાહ
અઠ્ઠાઈ તપ



રાહુલ દેસાઈ
અઠ્ઠાઈ તપ



માલવિકાબેન ભાવસાર
અઠ્ઠાઈ તપ



સાહિલ શાહ
અઠ્ઠાઈ તપ



ખુશ્બુ ભાવસાર
અઠ્ઠાઈ તપ



કુસુમબેન ભાવસાર
અઠ્ઠાઈ તપ